# ચાડા પાસે ફોર વ્હીલ વાહનની ટક્કરથી એકનું મોત

## અડપોદરા ગામના બે માઈભકતો અંબાજી દર્શન કરવા જઈ રહ્યા હતા ત્યારે અકસ્માતમાં ગંભીર ઈજા થઈ હતી

ખેડબ્રહ્મા, તા. ૨૧

ખેડબ્રહ્માના ચાડા ગામ પાસે ગુરુવારે રાત્રે ફોર વ્હીલ વાહન અને બાઈક વચ્ચે અકસ્માત થતાં અડપોદરા ગામના ઈસમને ગંભીર ઈજાના કારણે સારવાર દરમિયાન મોત નિપજવાના બનાવ સંદર્ભે અજાણ્યા વાહન ચાલક વિરુધ્ધ ખેડબ્રહ્મા પોલીસ સ્ટેશનમાં ગુનો નોંધાવા પામ્યો છે.

હિંમતનગર તાલુકાના અડપોદરા ગામના પટેલ મનોજકુમાર ધુળાભાઈ તથા પટેલ રમણભાઈ ભકિતભાઈ બંને મોટર સાયકલ નંબર જીજે-૯ એ કે ૧૯૦૮ ઉપર બેસી અંબાજી માતાજીનાં દર્શન કરવા જઈ રહ્યા હતા દરમિયાન ગુરુવારે રાત્રે નવ વાગ્યાના સુમારે ખેડબ્રહ્મા તાલુકાના ચાડા ગામ પાસે તેઓને અકસ્માત નડયો હતો. ફોર વ્હીલ વાહન નંબર જી.જે. ૧૮-એ.એમ. ૭૭૨૭ના ચાલકે મોટર સાયકલને પાછળથી ટકકર મારી હતી બંને મોટર સાયકલ સવારો રોડ ઉપર પટકાયા હતા જેમાં રમણભાઈ પટેલને માથાના ભાગે ગંભીર ઈજા પહોંચતા ખેડબ્રહ્માની જનરલ હોસ્પિટલમાં સારવાર દરમિયાન મોત નિપજયું હતું. જયારે મનોજભાઈને સામાન્ય ઈજા થઈ હતી. વાહનચાલક અકસ્માત સર્જી ફરાર થઈ ગયો હતો. આ અંગે મનોજભાઈ પટેલે અજાણ્યા વાહન ચાલક વિરુધ્ધ ખેડબ્રહ્મા પોલીસ સ્ટેશનમાં શુક્રવારે રાત્રે આઠ વાગે ફરીયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી વધુ તપાસ પી.એસ.આઈ. ડી.ડી. ચાવડા ચલાવી રહ્યા છે.

# પ્રાંતિજમાં દેશી વિદેશી દારુનું ધૂમ વેચાણ : પોલીસના આંખ આડા કાન

પ્રાંતિજ, તા. ૨૧

પ્રાંતિજ શહેર સહિત તાલુકાના મોટા ભાગના વિસ્તારોમાં ખુલ્લે આમ દારૂ-જુગારના અડ્ડાઓ ધમધમી રહ્યા છે ત્યારે પ્રાંતિજ વિસ્તારમાં ચાલતા દારૂ-જુગારના ગોરખધંધા બાબતે સ્થાનિક પોલીસન જાણ હોવા છતાં હપ્તાના નશામાં ચકચુર થઈને પોલીસ નરી આંખે સમગ્ર તમાશો નિહાળી રહી છે. પ્રાંતિજ તાલુકામાં સ્થાનિક અને જિલ્લા પોલીસ તંત્ર નિષ્ફળ નિવડતા જનતા કોને ફરિયાદ કરે ?

મળતી માહિતી અનુસાર પ્રાંતિજ શહેર તથા તાલુકામાં છેલ્લા ઘણા સમયથી દેશી વિદેશી દારૂનો ખુલ્લેઆમ ધંધો કરતા બુટલેગરો કોઈનો પણ ડર રાખ્યા વગર ધંધો કરી રહ્યા છે. પ્રાંતિજના ભાખરીયા વિસ્તાર, ટોકીઝ વિસ્તાર, હાઈ-વે પેટ્રોલ પંપ વિસ્તાર, સલાલમાં જુગારધામ સહિતના અનેક નાના-મોટા શોપીંગની આસપાસ ખુલ્લેઆમ બિન્દાસપણે દેશી વિદેશી દારુઓના અડ્ડા ધમધમી રહ્યા છે. અને કેટલાક વિસ્તારોમાં તો ફોન કરી દારુ મંગાવતા ડિલેવરી સીસ્ટમ પણ શરુ કરવામાં આવી છે. અને બુટલેગરોના માણસો જાહેરમાં જ દારુની ડીલેવરી આપે છે. અથવા તો પછી હોમ ડિલેવરી પણ આપે છે. ત્યારે શહેરમાં સવાર-સાંજ પાણીની જેમ દેશી વિદેશી દારુઓ વેચાય છે ત્યારે સ્થાનિક અને જિલ્લા કક્ષાનું પોલીસ તંત્ર પણ આ મામલે તમામ બાબતો જાણતું હોવા છતાં મુક પ્રેક્ષક બની તમામ ઘટના નિહળી રહ્યા છે. આથી એક તરફ બુટલેગરો અને યુવાનોને ઝેર પીસી રહ્યા છે તો બીજી તરફ જુગાર ધામના સંચાલકો જુગારમાં બરબાદી તરફ લઈ જઈ રહ્યા છે. ત્યારે ગ્રામજનો આ વકરતી બદીથી તોબા પોકારી ઉઠયા છે અને પોલીસ તંત્ર તુરંત બુટલેગરો તેમજ જુગારધામો સામે કાર્યવાહી કરી કડક પગલા ભરે તેવી માંગ નાગરિકો-ગ્રામજનો કરી રહ્યા છે.



## વકતાપુર પાણીની ટાંકીનું ભૂમિ પૂજન

હિંમતનગર તાલુકાના વકતાપુર ખાતે પાણી પુરવઠા યોજના અન્વયે દલીત મહોલ્લામાં પાણીની ટાંકી અને પાઈપલાઈન માટેની યોજના મંજૂર થતાં હિંમતનગરના ધારાસભ્ય રાજેન્દ્રસિંહ ચાવડાએ પાણીની ટાંકી બનાવવા માટે ભૂમિપૂજન કર્યું હતું. આ પ્રસંગે જિલ્લા પંચાયત સદસ્ય કાન્તિભાઈ પરમાર, સરપંચ રામાભાઈ પરમાર, ડે. સરપંચ યશપાલસિંહ સહિત ગ્રામજનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. (તસવીર : મગનજી વણઝારા)

# ખેડબ્રહ્મામાં દુકાને આવતા ગ્રાહક બોલાવી લેવા બાબત મામલો બિચકયો

ખેડબ્રહ્મા, તા. ૨૧

ખેડબ્રહ્મામાં દુકાનમાં આવતા ગ્રાહકને બોલાવી લેવા અંગે મામલો બિચકતાં છુટી હથોડી મારી એક ઈસમને ઈજા પહોંચાડવા તથા જાનથી ધમકી આપવાના બનાવ સદંર્ભે ત્રણ ઈસમો વિરુધ્ધ ખેડબ્રહ્મા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવા પામી છે.

ખેડબ્રહ્મા પોલીસ સુત્રોના જણાવ્યા અનુસાર ખેડબ્રહ્માની કે.ટી. હાઈસ્કૂલ પાસે રહેતા ચૌહાણ ભરતભાઈ રામાભાઈની દુકાનમાં આવતા ગ્રાહકોને બાજુની દુકાનવાળા વિજયભાઈ ડાહ્યાબાઈ ડબગર બોલાવી લેતા હતા જેથી ભરતભાઈ તેમને ઠપકો આપવા જતાં તેઓ ઉશ્કેરાઈ ગયા હતા અને તબલાંની દોરી ચડાવવાની હથોડી ભરતભાઈની છાતીમાં છુટી ફટકારી હતી જેથી તેમની પાંસળીમાં ફ્રેકચર થયું હતું અને વિજયભાઈ ડબગર તથા તેમના ભાઈએ જાનથી મારી નાખવાની ધમકી આપી હતી.

ગત તા. ૨૦ ઓગષ્ટના રોજ બનેલ આ બનાવ સંદર્ભે ભરતભાઈ ચૌહાણે ૨૦ સપ્ટેમ્બરના રોજ રાત્રે અગિયાર વાગ્યાના સુમારે વિજયભાઈ ડાહ્યાભાઈ ડબગર સતિષભાઈ ડાહ્યાભાઈ ડબગર તથા મહેશભાઈ ડબગર વિરુધ્ધ ખેડબ્રહ્મા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવતાં પોલીસે ઈપીકો કલમ ૩૨૬-૫૦૬ (૨) ૧૧૪ તથા જીપીએ કલમ ૧૩૫ મુજબ ગુનો નોંધી આગળની કાર્યવાહી પી.એસ.આઈ. ડી.ડી. ચાવડા ચલાવી રહ્યા છે.



**બનાસકાંઠા જિલ્લાના દિયોદર ખાતે શિક્ષણ તથા મહિલા અને બાળ વિકાસ રાજયમંત્રી શ્રીમતી વસુબેન ત્રિવેદી અને મહાનુભાવોના હસ્તે દિયોદર અને ભાભર તાલુકાના કૂલ-૬૨૨૦ લાભાર્થીઓને રૂ. ૭.૩૨ કરોડની સાધન સહાયનું વિતરણ કરવામાં આવ્યું હતું. મંત્રીશ્રીએ -ાસંગિક -વચન કરતાં જણાવ્યું હતુ કે સમગ્ર દેશમાં આજે નિરાશાનું વાતાવરણ છે ત્યારે મુખ્યમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં ગુજરાત આશાનું કિરણ બન્યું છે. ગરીબ કલ્યાણ મેળાના લીધે રાજયમાં કોઈ પણ વિસ્તાર કે કોઈપણ વ્યક્તિ વિકાસથી વંચિત રહી નથી પરિણામે -જા આનંદ અને ગૌરવથી રાજય સરકારના શ્રેષ્ઠ શાસનનો અહેસાસ કરી રહી છે. રાજયમાંથી ગરીબીને કાયમી દેશવટો આપી દેવા રાજય સરકારે ગરીબ કલ્યાણ મેળાઓ યોજીને એક જ પ્લેટફોર્મ પરથી રાજય સરકારશ્રીના વિવિધ વિભાગોની જંગી સાધન સહાયના લાભોનું ગરીબોને એક જ સમયે અને એક સાથે વિતરણ કરવામાં આવે છે.**

# હિલોલ ગ્રામ પંચાયતના સરપંચ સામે નાણાંકીય ઉચાપત મામલે આક્ષેપ

## હિલોલ પંચાયતના સભ્યોએ યોગ્ય તપાસ કરવા ડી.ડી.ઓ.ને રજૂઆત કરી

ગાંધીનગર, તા. ૨૧

હિલોલ ગ્રામ પંચાયતના સરપંચે નાણાંકીય ઉચાપત કરી હોવાની ફરિયાદ ઉઠવા પામી છે. આ મામલે ઈલોલ ગ્રામ પંચાયતના સભ્યોએ યોગ્ય તપાસ કરવા જિલ્લા વિકાસ અધિકારીને રજૂઆત કરી છે.

હિલોલ ગ્રામ પંચાયતના સભ્યોએ આ અંગે જિલ્લા વિકાસ અધિકારીને રજૂઆતમાં જણાવ્યા અનુસાર હિલોલ ગ્રામ પંચાયતમાં ૧૩માં નાણાંપંચના ગ્રામ પંચાયતને મળતા નાણા ગત તા. ૨૭-૮-૨૦૧૩ના રોજ જમા થયા હતા. જે નાણાં તા. ૧૨-૧૦-૨૦૧૨ના રોજ ઉપાડવામાં આવ્યા હતા તે નાણાનો ઉપયોગ શામાં કર્યો? ચિન્મય યોજનાના રૂ. ૭૦,૦૦૦ સ્મશાનગૃહમાં ઓરડી બનાવવા મંજુર થયેલ પરંતુ આજદિન સુધી ઓરડી બનાવેલ નથી અને તે રૂપિયા ચાઉ થયેલાનું જણાય છે. તેમજ ગત તા. ૫-૭-૨૦૧૩ના રોજ પંચાયતના ખાતામાંથી રૂ. ૪૫,૦૦૦ કોલમ પાઈપ લાવવા માટે ઉપાડેલ છે. જે કોલમ પાઈપ લાવવામાં આવી જ નથી અને તે અન્ય ગ્રાન્ટમાંથી મંજુર થયેલ છે તેવું જાણવા મળ્યું છે તેથી એક જ કામ માટે બે જગ્યાએથી પૈસા ઉઘરાયેલ હોવાનું પણ જાણવા મળ્યું છે. અન્ય પંચાયતના ખાતામાં ગ્રાન્ટો આવેલ હોય અથવા વસુલાતના પૈસા જમા થયેલ હોય તેની તાલુકા વિકાસ અધિકારીની મંજુરી લીધેલ છે કે કેમ? આમ સરપંચે સરકારી નાણાંનો દુરપયોગ અને ગેરવહીવટ કર્યો છે તે સંજોગોમાં ગ્રાન્ટમાં આવતા સરકારી નાણાના થયેલ ખર્ચની જીણવટભરી તપાસ કરવામાં આવે તો મોટી ગેરરીતિ બહાર આવે તેમ છે તે સંજોગોમાં સરપંચ વિરૂદ્ધ યોગ્ય તપાસ કરવામાં આવે તેની માંગ હિલોલ ગ્રામ પંચાયત સભ્ય ઉદેસિંહ સોલંકી સહિતના સભ્યોએ ઉચ્ચ કક્ષાએ કરી છે.



(તસવીર : મગનજી વણઝારા)

**લોક સેવાર્થે સાબર મોટર્સ કાર્યરત**

હિંમતનગરના ઈડર હાઈવે ઉપર ધાણધા પાસે આધુનિક ટેકનોલોજી સાથે લોકોની સેવા માટે સાબર મોટર્સ વર્કશોપ રૂહાની પેશવા પીરો મુર્શીદ અબુલ હસન સૈયદ મોહમ્મદ અશરફ અશરફીયુલ જીલાનીના હસ્તે ખુલ્લો મુકવામાં આવ્યો હતો. આ પ્રસંગે ડૉ. મહેન્દ્રભાઈ સોની, ડૉ. અ. રજ્જાક વડાલીવાલા, ડૉ. પરિખ સહિત વોરા સમાજના અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા. આધુનિક શો રૂમના સંચાલક ઈકબાલ વડાલીવાળાએ જણાવ્યું હતું કે નવીન વર્કશોપમાં એન્જીનકામ,એકસીડન્ટ જોબ સહિતની કામગીરી આધુનિક ટેકનોલોજી દ્વારા થશે.

# મોડાસામાં પોલીસ ચોકી પાછળ મોબાઈલની દુકાનમાં તસ્કરો ત્રાટક્યા : ૭૫ હજારની મત્તાની ચોરી

મોડાસા, તા. ૨૧

મોડાસા ચારરસ્તા પર આવેલી પોલીસચોકી પાછળના બાજપાઈ કોમ્પલેક્ષમાં મોબાઈલની એક દુકાનમાં મોડી રાત્રે તસ્કરો ત્રાટક્યા હતા અને કુલ રૂ. ૭૫ હજારની મત્તાના મોબાઈલ ફોનની ચોરી કરી પલાયન થઈ ગયા હતા. આથી ટાઉન પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે. જ્યારે બીજી બાજુ પોલીસના રાત્રિ પેટ્રોલિંગ સામે પણ પ્રશ્નાર્થ ઉભો થયો છે.

પ્રાપ્ત વિગતો અનુસાર મોડાસા ચાર રસ્તા પર આવેલ પોલીસ ચોકીની બિલકુલ પાછળ વાજપાઈ કોમ્પલેક્ષ આવેલું છે. આ કોમ્પલેક્ષમાં આવેલી મધુરમ મોબાઈલ કેર નામની દુકાનમાં રાત્રિના સમયે તસ્કરો ત્રાટક્યા હતા અને અંદર રહેલ જુદી જુદી કંપનીના ૬૫૭૫૦ રૂપિયાના મોબાઈલ તથા ડમી મોબાઈલ મળી ૭૫૭૫૦ રૂપિયાના મોબાઈલ ચોરીને ફરાર થઈ ગયા હતા. આમ તસ્કરો પણ અસલી મોબાઈલ સાથે નકલી મોબાઈલ લઈ ગયા હોવાનો બનાવ બન્યો હતો. જ્યારે બીજી બાજુ આ ઘટના બનતા ટાઉન પોલીસે ફિંગર પ્રિન્ટ નિષ્ણાંતની મદદ લઈ ભેદ ઉકેલવા પ્રયાસ હાથ ધર્યો છે. મોડાસામાં તસ્કરો પોલીસની બીક વગર બિન્દાસ બન્યા છે. ચાર રસ્તા પોલીસ ચોકીની પાછળની દુકાનોને અગાઉ ટાર્ગેટ બનાવ્યા બાદ ફરીથી પાછળ જ આવેલ દુકાનોને નિશાન બનાવી છે. રાત્રે પોલીસ પેટ્રોલિંગ યોગ્ય છે કે નહી તે અંગે પોલીસેમાં પણ આ પ્રશ્ન ઉભો થયો છે. આ ચોરી અંગે ટાઉન પોલીસે ગુનો નોંધી તસ્કરોને ઝડપી પાડવા કાર્યવાહી હાથ ધરી છે.

# રાજકોટ શહેર કોંગ્રેસ સમિતિની બેઠક યોજાઈ

ગાંધીનગર, તા. ૨૧

રાજકોટ શહેર કોંગ્રેસ સમિતિ ખાતે સૌરાષ્ટ્ર ઝોનની એક ઝોનલ બેઠકનું આયોજન આવતીકાલે તા. ૨૨ સપ્ટેમ્બરના રોજ કરવામાં આવ્યું છે. આ બેઠકમાં સૌરાષ્ટ્રમાં આવતાં તમામ શહેર-જિલ્લાના મુખ્યમં સંગઠકશ્રીઓ, મહિલા સંગઠકશ્રીઓ, પ્રદેશ અધિકારીઓ, સેવાદળના હોદેદારો, સૈનિકશ્રીઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહેશે.

આ બેઠક ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સેવાદળના મુખ્ય મંગલસિંહ સોલંકીના અધ્યક્ષ સ્થાને સેવાજળ દ્વારા પ્રજાલક્ષી કાર્યક્રમની વિશેષ માહિતી આપવામાં આવશે. સાંસદ કુંવરજી બાવળિયા તથા ધારાસભ્ય ઈન્દ્રનીલ રાજગુરુ વિશેષ ઉપસ્થિત રહેશે.

સૌરાષ્ટ્ર ઝોનલ બેઠકમાં રાજકોટ શહેર પ્રમુખ જશવંતસિંહ ભટ્ટી, જિલ્લા ઈનચાર્જ બ્રિજેશભાઈ મેરજા, સેવાદળના સંગઠક તથા મહિલા ઈન્ચાર્જ મિનલબેન ગોહિલ તેમજ સૌરાષ્ટ્ર ઝોનલ સેવાદળના ઈન્ચાર્જ ફતેહસિંહ ભટ્ટી વિશેષ ઉપસ્થિત રહેશે.

# ઉત્તર ગુજરાતના બજાર ભાવો

### પાટણ

| | | |
|---|---|---|
| જીરૂ | ૨૦૦૦ | ૨૩૯૫ |
| વરીયાળી | ૮૧૫ | ૧૩૬૧ |
| બંટી | ૩૦૫ | - |
| રાયડો | ૫૮૦ | ૬૩૫ |
| એરંડા | ૬૮૦ | ૭૧૯ |
| ઘઉં | ૩૦૬ | ૩૭૦ |
| જુવાર | ૨૦૦ | ૨૭૮ |
| બાજરી | ૨૧૦ | ૨૬૪ |
| ગવાર | ૧૨૬૦ | ૧૪૬૫ |

### તલોદ

| | | |
|---|---|---|
| એરંડા | ૭૦૩ | ૭૧૫ |
| ઘઉં | ૩૦૮ | ૩૪૩ |
| મગ | ૯૦૦ | ૧૦૦૦ |
| બાજરી | ૨૧૦ | ૨૮૯ |
| ગવાર | ૧૨૧૧ | ૧૪૭૮ |

### સલાલ

| | | |
|---|---|---|
| મગફળી | ૫૫૦ | ૬૫૦ |
| ઘઉં | ૩૦૦ | ૩૩૦ |
| બાજરી | ૨૦૦ | ૨૪૦ |
| ડાંગર જ્યા | ૨૭૫ | ૩૩૦ |

### ધનસુરા

| | | |
|---|---|---|
| એરંડા | ૬૯૦ | ૭૦૫ |
| મકાઈ | ૨૯૦ | ૩૦૫ |
| ઘઉં | ૩૧૦ | ૩૩૦ |
| બાજરી | ૨૪૦ | ૨૬૦ |
| ગવાર | ૧૨૫૦ | ૧૪૫૦ |

### ખેડબ્રહ્મા

| | | |
|---|---|---|
| ઘઉં લોકવન | ૩૦૫ | ૩૨૦ |
| ઘઉં ૪૯૬ | ૩૧૫ | ૩૩૫ |
| મકાઈ | ૨૯૦ | ૨૯૪ |
| એરંડા | ૬૮૮ | ૭૦૬ |

### મોડાસા

| | | |
|---|---|---|
| એરંડા | ૭૦૦ | ૭૧૬ |
| બાજરી | ૧૯૫ | ૨૫૮ |
| મકાઈ | ૨૭૦ | ૩૦૮ |
| ઘઉં | ૩૦૫ | ૩૬૦ |
| ગવાર | ૧૩૫૦ | ૧૫૩૫ |

### ટીંટોઈ

| | | |
|---|---|---|
| એરંડા | ૬૫૫ | ૬૯૨ |
| બાજરી | ૨૫૦ | ૩૦૨ |
| ઘઉં | ૩૦૦ | ૩૨૧ |

### દહેગામ

| | | |
|---|---|---|
| બાજરી | ૨૧૫ | ૨૬૦ |
| ઘઉં | ૩૧૫ | ૩૨૨ |
| ડાંગર | ૨૭૦ | ૩૦૦ |
| એરંડા | ૭૦૨ | ૭૦૯ |
| ગવાર | ૧૪૦૯ | ૧૪૧૦ |
| મકાઈ | ૨૫૦ | ૨૯૦ |
| તુવેર | ૫૨૫ | ૬૧૦ |
| જુવાર | ૨૬૦ | ૩૪૦ |
| રાયડો | ૫૩૦ | ૫૯૯ |

### રખિયાલ

| | | |
|---|---|---|
| બાજરી | ૨૧૦ | ૨૫૦ |
| ઘઉં | ૩૧૦ | ૩૨૦ |
| ડાંગર | ૨૬૫ | ૨૯૦ |
| એરંડા | ૭૦૦ | ૭૦૭ |
| ગવાર | ૧૩૫૦ | ૧૪૦૫ |
| મકાઈ | ૨૪૦ | ૨૮૦ |
| તુવેર | ૫૨૦ | ૬૦૦ |
| જુવાર | ૨૫૦ | ૩૩૦ |
| રાયડો | ૫૨૦ | ૫૯૦ |

### હિંમતનગર

| | | |
|---|---|---|
| મગફળી | ૩૧૦ | ૩૭૬ |
| બાજરી | ૨૨૦ | ૨૬૧ |
| મકાઈ | ૨૮૦ | ૩૦૦ |
| ગવાર | ૧૧૦૦ | ૧૪૬૫ |

### ઈડર

| | | |
|---|---|---|
| ઘઉં | ૩૦૦ | ૩૪૦ |
| મકાઈ | ૩૧૦ | ૩૪૮ |
| એરંડા | ૭૦૦ | ૭૧૦ |
| બાજરી | ૨૫૦ | ૨૬૫ |
| મગફળી | ૫૦૫ | ૫૯૦ |
| તલ | ૧૬૦૦ | ૧૭૨૦ |
| ગવાર | ૧૨૫૦ | ૧૪૧૬ |
| તુવેર | ૬૬૦ | ૭૦૫ |
| જુવાર | ૩૬૦ | ૩૯૫ |

### કડી

| | | |
|---|---|---|
| ઘઉં | ૩૦૦ | ૩૧૨ |
| ડાંગર | ૨૧૦ | ૨૬૦ |
| બાજરી | ૨૨૦ | ૨૭૧ |
| ગવાર | ૧૨૬૫ | ૧૪૨૫ |
| એરંડા | ૭૦૦ | ૭૦૯ |
| જીરૂ | ૨૧૦૦ | ૨૪૮૦ |

### સિદ્ધપુર

| | | |
|---|---|---|
| મગ | ૮૭૨ | - |
| જવ | ૨૨૫ | - |
| રાયડો | ૫૯૫ | ૬૨૮ |
| એરંડા | ૬૯૦ | ૭૧૫ |
| ગવાર | ૧૩૦૩ | ૧૫૦૦ |
| ઘઉં | ૨૬૨ | ૩૬૫ |
| બાજરી | ૧૯૦ | ૨૭૨ |
| ચોરા | ૭૪૧ | - |
| જુવાર | ૨૦૦ | - |

### ઉંઝા

| | | |
|---|---|---|
| જીરૂ | ૧૯૯૦ | ૨૮૭૨ |
| વરીયાળી | ૭૦૦ | ૨૧૫૦ |
| ઈસબગુલ | ૧૧૦૦ | ૧૪૧૧ |
| સરસવ | ૬૪૦ | ૭૬૦ |
| રાયડો | ૫૭૫ | ૬૪૧ |
| મેથી | ૫૨૧ | ૫૩૯ |
| તલ | ૨૧૦૦ | ૨૨૭૫ |
| સવા | ૬૪૦ | ૭૬૦ |
| અજમો | ૮૦૦ | ૧૧૮૧ |

### વિસનગર

| | | |
|---|---|---|
| ઘઉં | ૩૦૫ | ૩૭૮ |
| બાજરી | ૨૦૦ | ૨૯૫ |
| રાયડો | ૫૬૦ | ૬૩૧ |
| એરંડા | ૭૦૦ | ૭૨૬ |
| કપાસ | ૯૫૧ | ૧૧૫૧ |
| મગ | ૯૯૦ | - |
| ગવાર | ૧૨૦૧ | ૧૪૮૪ |
| રજકાના બી | ૧૧૦૦ | ૨૩૫૦ |
| ચોખા | ૪૨૫ | ૯૨૫ |

### મહેસાણા

| | | |
|---|---|---|
| ઘઉં | ૩૦૭ | ૩૫૫ |
| જીરૂ | ૨૩૭૨ | ૨૪૬૪ |
| રાયડો | ૫૪૫ | ૬૦૪ |
| જવ | ૨૪૬ | ૨૬૦ |
| વરીયાળી | ૭૦૦ | ૯૧૧ |
| બાજરી | ૨૧૫ | ૨૬૯ |
| એરંડા | ૬૯૯ | ૭૦૯ |
| અજમો | ૮૨૬ | ૯૮૫ |
| ગવાર | ૧૨૭૫ | ૧૪૩૬ |
| બંટી | ૩૨૦ | - |

### આંબલીયાસણ

| | | |
|---|---|---|
| ઘઉં | ૩૦૭ | ૩૨૫ |
| બાજરી | ૨૧૦ | ૨૫૫ |
| રાયડો | ૫૮૦ | ૬૦૩ |
| એરંડા | ૬૦૯ | ૭૦૭ |

### જોટાણા

| | | |
|---|---|---|
| ઘઉં | ૨૯૨ | ૩૦૬ |
| એરંડા | ૭૦૬ | ૭૦૭ |
| બાજરી | ૨૪૩ | ૨૫૦ |
| ગવાર | ૧૩૯૧ | - |

### હારીજ

| | | |
|---|---|---|
| રાયડો | ૬૦૦ | ૬૨૦ |
| એરંડા | ૬૯૦ | ૭૧૩ |
| બાજરી | ૨૨૦ | ૨૬૧ |
| ઘઉં | ૩૦૦ | ૩૩૫ |
| ગવાર | ૧૨૮૦ | ૧૪૭૭ |
| અડદ | ૪૦૦ | ૬૭૧ |
| મગ | ૮૦૦ | ૧૦૨૫ |
| જીરૂ | ૨૧૦૦ | ૨૫૦૦ |
| સવા | ૬૦૦ | ૬૭૫ |
| બંટી | ૨૪૬ | ૨૭૧ |

### કલોલ

| | | |
|---|---|---|
| ઘઉં | ૩૦૫ | ૩૫૦ |
| એરંડા | ૭૦૪ | ૭૧૪ |
| બાજરી | ૨૨૫ | ૨૭૦ |
| રાયડો | ૬૦૭ | ૬૧૪ |
| ડાંગર | ૨૬૦ | ૩૫૦ |
| ગવાર | ૧૪૯૦ | ૧૫૨૬ |
| જુવાર | ૩૧૦ | ૩૩૬ |

### બાયડ

| | | |
|---|---|---|
| એરંડા | ૬૮૫ | ૭૦૦ |
| ઘઉં | ૨૯૦ | ૩૧૫ |
| બાજરી | ૨૩૦ | ૨૫૫ |
| મકાઈ | ૨૯૦ | ૩૦૫ |
| ગવાર | ૧૦૦૦ | ૧૪૫૦ |


આપના શહેરમાં ૧૦૦૦ સ્કે. ફીટનો એ.સી. શો-રૂમ જેમાં છે...

સિરામિક વોલ ટાઈલ્સ ● વીટ્રીફાઈડ ટાઈલ્સ ● સિરામિક ફ્લોર ટાઈલ્સ ● એક્વાઆર્ટ ● વોલ ક્લેડીંગ ● માર્બલ સ્ટોન અને ક્વાર્ટઝ્ તેમજ વિવિધ પેટર્ન્સ અને કોમ્બીનેશન્સની વિશાળ શ્રેણી

એક્સક્લુસિવ શો-રૂમ

AGL TILES WORLD Radhe ENTERPRISE

પહેલે માળ, ૧૦૧, ૧૦૨, ૧૦૩, જય યોગેશ્વર કોમ્પલેક્સ, સિટી પલ્સ સિનેમા પાસે, કુડાસણ બસ સ્ટોપની સામે, ગાંધીનગર - કોબા હાઈવે, ગાંધીનગર. મોબાઈલ : ૯૪૨૬૫ ૧૩૬૦૧

ગાંધીનગરવાસીઓવા અતૂટ વિશ્વાસ અને સહકારથી આપની સેવામાં સરકાર માન્ય

મોર્ડન મોટર્સ

પ્લોટ નં. ૪૦૩, જી.આઈ.ડી.સી., કામા મોટર્સની બાજુમાં, સેકટર-૨૮, ગાંધીનગર

ફોન : ૨૩૨૧૧૪૮૫ ● મો. : ૯૮૨૫૨૬૨૨૯૧

સુવિધાઓ

● વ્હીલ એલાઈનમેન્ટ ● બેલેન્સીંગ (કોમ્પ્યુટરાઈઝ્ડ) ● સરકાર માન્યતા પ્રાપ્ત ● અદ્યતન વર્કશોપ, બોડીકામ, ● વાહનોનું રીપેરીંગ કામશ્ર મોટો ઈલેકટ્રીક કામ ● જેન્યુન પાર્ટસ ● સર્વિસીંગ ● ઓઈલ ચેઈન્જ

EXIDE બેટરીના ઓથોરાઈઝ્ડ ડીલર

કેસ્ટ્રોલ ઓઈલના ઓથોરાઈઝ્ડ ડીલર

પેટ્રોલ વાહનનું પી.યુ.સી. સ્ટેશન